સુરક્ષા સેતુ સોસાયટી(રાજ્ય કક્ષા),
સભ્ય સચિવ અને અધિક પોલીસ મહાનિદેશક (પોલીસ સુધારણા)ની કચેરી,
સેક્ટર-૧૮,પોલીસ ભવન,
ગાંધીનગર,
ગુજરાત રાજ્ય
ફોન નં. ૦૭૯-૨૩૨૫૮૧૪૧ મો.:૯૯૭૮૪૯૨૦૦૦ ઇ-મેલ:sss-sl@gujarat.gov.in

૧. <u>સુરક્ષા સેતુ સોસાયટીની સ્થાપના:</u>

ગૃહ વિભાગ, ગુ.રા. દ્વારા તા. ૨૬.૦૯.૨૦૧૨ના ઠરાવથી રાજ્ય કક્ષા ૧, પોલીસ કમિશ્નરના વિસ્તારમાં ૪ અને જીલ્લા કક્ષાએ ૩૪ એમ કુલ મળીને ૩૯ સુરક્ષા સેતુ સોસાયટીઓની સ્થાપના કરવામાં આવી છે. આ સ્થાપના સોસાયટી એકટ ૧૮૬૦અને પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ અંતર્ગત કરવામાં આવેલ છે. સ્થાપનાના મુખ્ય હેતુઓમાં રાજ્યમાં તમામ નાગરીકો કોઈ પણ જાતના ભેદભાવ વગર શાંતિથી રહી શકે, દરેકને સમાન તકો મળે, તમામના સહયોગથી લોકાભિમુખનો ઉદ્દેશ બહાર પાડી શકાય, સક્રિય સમાજની રચના કરવો, પોલીસ અને પ્રજા વચ્ચે માહીતી અને વિચારોનું સંકલન કરવુ, પોલીસની હકારાત્મક્તા વધારવાનો મુખ્ય હેતુ છે. પોલીસની કામગીરીમાં જાહેર જનતાનો સહયોગ મળે અને પોલીસ તરફથી તેઓના વ્યવહારો અને વાર્તાલાપ દરમ્યાન પ્રજા નિર્ભયતા અનુભવે તે માટે સુરક્ષા સેતુ સોસાયટીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો અમલમાં મુકવામાં આવ્યા છે.

૨ <u>હેતુઓ</u>.

- જનતા અને પોલીસ વચ્ચે પરસ્પર સહકાર વધારવો
- પોલીસની શક્તિઓનો સામાજિક કામોમાં રચનાત્મક ઉપયોગ વધે
- “સુરક્ષા સેતુ” અને “પોલીસ મિત્ર” બન્ને યોજનાઓનું સંકલન
- પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસ વધે
- પોલીસની ક્રીએટીવીટી- યોજનાનું હાર્દ
- પોલીસ દ્વારા નવતર વિચારો દ્વારા રાજયમાં જાહેર સલામતી વધારવી
- પોલીસનાં સારાં કાર્યો જાહેરમાં લાવવાં, બિરદાવવાં

૩. <u>પ્રવૃતિઓ/કામગીરી:</u>

(૧) મહિલા સુરક્ષા/મહિલા સશક્તિકરણ.

- મહિલાઓને સશક્તિકરણ તથા સ્વરક્ષણ માટે જુડો, કરાટેની તાલીમ આપવામાં આવેલ છે.
- દારૂના વ્યવસાયમાં રોકાયેલ મહિલાઓને આ વ્યવસાય છોડાવીને પુન:વસન કરેલ છે.

- મહિલા સહાયતા કેન્દ્રની સ્થાપના કરીને કૌટુંબિક ઝઘડાનું તથા ઘરેલુ હિંસા સામે રક્ષણ મેળવવાનુ આયોજન કર્યુ.
- નોકરી કરતી મહિલાઓ કામ ઉપરથી રાત્રે આઠ વાગ્યા પછી સલામત જગ્યાએ જવા માટે PCR વાનની સેવા પુરી પાડવામાં આવે છે
- જીવન આસ્થા હેલ્પલાઈન દ્વારા મહિલાઓને રક્ષણ પુરૂ પાડવામાં આવે છે.

**(૨) સીનીયર સીટીઝન્સ.**

- સબંધિત પોલીસ સ્ટેશન સાથે રજીસ્ટ્રેશન કરાવવામાં આવે છે જેથી જરૂર પડ્યે પોલીસ સંપર્ક કરી શકશે.

**(૩) બાળકોની સુરક્ષા.**

- બાળકોને પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવી હથિયાર અંગે તથા વ્યસનમુક્તિ માટે જરૂરી માર્ગદર્શના અપવામાં આવે છે. જેના સાહિત્યની વહેંચણી.
- વિદ્યાર્થીઓ ટ્રાફીક અંગેની તાલીમ આપવામાં આવે છે.
- ગુમ થયેલા બાળકોને શોધવા અંગે પ્રસિધ્ધિ કરવી.

**(૫) ટ્રાફીકના નિયમો/સમસ્યા અંગે જાણકારી/તાલીમ અકસ્માત નિવારવા માટે ભરવામાં આવેલ પગલાં.**

- અકસ્માત નિવારવા લોક જાગૃતિ પેદા કરવા બેનર, હોડીંગ્સ, ચિત્ર સ્પર્ધા ગોઠવણી.
- શાળા અને કોલેજોમાં સેમીનાર અને જાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવે છે.

**(૬) ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનુ કાઉન્સેલીંગ**

- પરીક્ષાનું ખરાબ પરિણામ આવવાની બીક થી વિદ્યાર્થીઓમાં હતાશા આવે છે. જેઓને હતાશા માંથી ઉગારવા માટે મનોચિકિત્સક, પ્રોફેસરો, વિધ્વાનો, શિક્ષકો દ્વારા કાઉન્સેલીંગ કરવામાં આવે છે તથા સમજણ અને માર્ગદર્શન આપવામાં આવે છે.

**(૭) સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના (SPC)**

- રાજ્યમાં પસંદ કરેલ શાળાના ધો-૮ અને ધો-૯ ના કુલ-૮૮ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજનાનો લાભ આપવામાં આવે છે.
- દેશના સારાનાગરિક બને તે માટે વિવિધ વિષયના ઉપર પ્રશિક્ષણ આપવામાં આવે છે.
- વિદ્યાર્થીઓમાં સાહસિકતા કેળવી શકાય તે માટે એડવેન્ચર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.
- પ્રત્યેક પોલીસ સ્ટેશન દીઠ એક શાળા પસંદ કરવામાં આવે છે.
- કેન્દ્રીય વિદ્યાલયો તથા જવાહર નવોદય વિદ્યાલયોના વિદ્યાર્થીઓને પણ આ યોજનાનો લાભ આપવામાં આવે છે.
- દર વર્ષે ૯૦૦ થી ૧૦૦૦ જેટલી શાળાઓના ૫૩,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવે છે.
- મેદાન ઉપર પોલીસ સ્ટેશન દ્વારા ડ્રીલની વ્યવસ્થા કરવામાં આવે છે.

(૮) ગુનાઓ બનતા અટકાવવા માટે બહોળી પ્રસિદ્ધિ, પ્રચાર, પ્રસાર અને કેમ્પેઈનનું આયોજન કરવું .

(૯) પ્રજામાં સલામતીની ભાવના તથા જાગૃતિ પેદા કરવા માટે સાહિત્ય/સી.ડી./સદભાવના પોસ્ટર વગેરે પ્રદર્શિત કરવા

(૧૦) સુરક્ષા સેતુ રથ:

- રાજ્યમાં ૧૪ સુરક્ષાસેતુ રથનું સંચાલન કરવામાં આવે છે. પોલીસ વિભાગની યોજનામાં તથા સુરક્ષાસેતુ યોજનાની તમામ પ્રવૃત્તિઓની જનતાને વાકેફ કરવામાં આવે છે.

(૧૧) અન્ય કામગીરી:

- રહેણાંકની સોસાયટીઓમાં CCTV લગાડવા માટે ૩૦% સબસીડી આપવામાં આવે છે.
- રાજય કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટી ખાતે મુખ્ય સોસીયલ મીડીયા જેવી કે ફેશબુક, ગુગલ પ્લસ, યુટ્યુબ, ટ્વીટર વિગેરે સાઈટસ પર એકાઉન્ટ ખોલવામાં આવે છે અને ફોટો વિડીયો તથા ઈંફો ગ્રાફી અપલોડ કરવામાં આવે છે.

૪. <u>સાફલ્ય-ગાથા.</u>

- ૨૮/૦૨/૨૦૨૩ ની સ્થિતિએ અત્યાર સુધી કુલ ૧૫.૦૩ લાખ મહિલાઓને સશક્તિકરણ તથા સ્વરક્ષણ માટેની જુડો, કરાટેની તાલીમ આપવામાં આવેલ છે.



- ૨૮/૦૨/૨૦૨૩ ની સ્થિતિએ અત્યાર સુધી કુલ ૧૫,૬૩૧ દારૂના વ્યવસાયમાં રોકાયેલ મહિલાઓને આ વ્યવસાય છોડાવીને પુન:વસન કરેલ છે.




- જીવનઆસ્થા તેમજ મહિલા સહાયતા કેન્દ્રની સ્થાપના કરીને કૌટુંબિક ઝઘડાનું તથા ઘરેલુ હિંસા સામે રક્ષણ મેળવવાનુ આયોજન કર્યું.



- નોકરી કરતી મહિલાઓ કામ ઉપરથી રાત્રે આઠ વાગ્યા પછી ઘરે આવવા PCR વાનની સેવા પુરી પાડવામાં આવે છે
- ૨૮/૦૨/૨૦૨૩ ની સ્થિતિએ અત્યાર સુધી કુલ ૧૨.૩૫ લાખ વિદ્યાર્થીઓ/બાળકોને પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવી હથિયાર અંગે તથા વ્યસનમુક્તિ માટે જરૂરી માર્ગદર્શના અપવામાં આવ્યુ.



- અકસ્માત નિવારવા લોક જાગૃતિ પેદા કરવા બેનર, હોડીંગ્સ, ચિત્ર સ્પર્ધા ગોઠવણી કરવામાં આવે છે.





- નશાબંધી અંગે બહોળો પ્રચાર કરવામાં આવે છે. શેરીનાટકો, હોર્ડીગ્સને વિગેરે દ્વારા પ્રચાર.
- સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના હેઠળ ધો-૮ અને ધો-૯ ના વિદ્યાર્થીઓને વર્ગમાં વિવિધ વિષયો ઉપર તથા મેદાનમાં ડ્રીલ કરવામાં આવે છે.
- ૨૮/૦૨/૨૦૨૩ ની સ્થિતિએ અત્યાર સુધી કુલ ૪.૧૫ લાખ વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવમાં આવેલ છે.

- ૨૮/૦૨/૨૦૨૩ ની સ્થિતિએ અત્યાર સુધી કુલ ૨૧.૫૧ લાખ બાળકોને ટ્રાફીકના નિયમો અંગે તાલીમ/જાણકારી આપવામાં આવી છે.
- શાળા અને કોલેજોમાં સેમીનાર અને જાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.
- મનોચિકિત્સક, પ્રોફેસરો, વિધ્વાનો, શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને સમજણ, માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે.




- રકતદાન કેમ્પ યોજવામાં આવે છે.



- રાજય કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટી ખાતે મુખ્ય સોસીયલ મીડીયા જેવી કે ફેશબુક, ગુગલ પ્લસ, યુટ્યુબ, ટ્વીટર વિગેરે સાઈટસ પર એકાઉન્ટ ખોલવામાં આવે છે અને ફોટો વિડીયો તથા ઈંફો ગ્રાફી અપલોડ કરવામાં આવે છે.




- રાજ્યમાં સુરક્ષાસેતુ સોસાયટીઓને બહોળો પ્રસિધ્ધિ થાય તે હેતુથી કુલ-૧૪ સુરક્ષાસેતુ રથ દ્વારા પ્રચાર કરવામાં આવે છે. તમામ જિલ્લાઓમાં રથનું સંચાલન કરવામાં આવે છે જ્યાં દસ્તાવેજી ચિત્રો, સાહિત્ય, ટ્રાફિક, નશાબંધી, વિવિધ પ્રવૃત્તિઓ વિગેરે દ્વારા પ્રવચન કરવામાં આવે છે.



- રાજ્યમાં રહેઠાણની સોસાયટીઓમાં ચોરીના ઉપદ્રમાં ઘટાડો થાય અને ગુન્હેગારને ઓળખી શકાય તે માટે CCTV કેમેરા લગાડવા માટે સુરક્ષાસેતુ સોસાયટી દ્વારા ખર્ચના ૩૦% સબસીડી આપવાનો નિર્ણય કરેલ છે જે રૂ.૧.૫૦ લાખની મર્યાદામાં રહેશે.